PHONE : (0281) 2578501
Fax : (0281) 2586983

ફોન નં : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧
ફેક્સ : (૦૨૮૧) ૨૫૮૬૯૮૩

SAURASHTRA UNIVERSITY

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી

Office Of The
Saurashtra University,
University Road,
Rajkot - 360 005

Accredited Grade "A" by NAAC
(CGPA 3.05)

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કાર્યાલય
યુનિવર્સીટી રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫

# પરિપત્ર

આથી યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, કોલેજમાં CCTV Camera રાખવા ફરજીયાત છે. જે અંગે યુનિવર્સીટી દ્વારા અગાઉ પણ વખતો વખત પરિપત્ર કરવામાં આવેલ છે. CCTV Camera નું સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ખાતે લાઇવ મોનીટરીંગ થઇ શકે તે માટે કોલેજમાં જે રૂમમાં પરીક્ષા લેવાતી હોય તેમના જ DVR ને Internet Connectivity આપી પરીક્ષાના સમય દરમ્યાન Connectivity (2 mbps Broadband ઈચ્છનીય) ચાલુ રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજ આચાર્યશ્રીની રહે છે.

CCTV Camera માટે જોઇતા Live IP, Username અને Password આપના કેન્દ્રમાં સત્ર શરૂ થવાના ૧૦ દિવસમાં પરીક્ષા વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટને મળી રહે તેવી વ્યવસ્થા કરવી જો ઉપરોક્ત વિગતો આપવામાં નહિં આવે અને તેના કારણે પરીક્ષાના સમય દરમ્યાન Internet Connectivity નહિં મળે તો નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

આગામી પરીક્ષા માટે CCTV Camera ભાડે લાવી કામગીરી ચલાવી લેવાની નથી. કાયમી CCTV નું યુનિવર્સીટી દ્વારા Monitoring થઇ શકે તે માટે પુરતા Bandwidth ની લાઇન લઇ, Live-IP મેળવી યુનિવર્સીટીને મોકલી આપવાની રહેશે.

આથી સર્વે કોલેજોને જણાવવામાં આવે છે કે, તેઓની કોલેજોના IP Address અને જરૂરી માહિતી તા.૩૦/૯/૨૦૧૭ સુધી www.saurashtrauniversity.edu -> Examination -> Exam CCTV Monitoring -> Exam CCTV Information Form પર ઉપલબ્ધ ફોર્મમાં માહિતી અચુક મોકલી આપે અન્યથા નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીરતાથી નોંધ લેશો.

કુલસચિવશ્રી

CC/224/2017

તા.૨૬/૯/૨૦૧૭

કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
યુનિવર્સીટી કેમ્પસ, યુનિવર્સીટી રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫

પ્રતિ,

- યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ......

નકલ રવાના :-

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ......
- પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
- કોમ્પ્યુટર સેન્ટર - વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે ......